## જન્મદિને વધામણી



નટુભાઈ પટેલ
પ્રતિનિધિ, ગાંધીનગર સમાચાર



શીલાબેન કનુભાઈ શાહ
મો. ૯૯૨૫૦ ૨૨૪૮૬



આશિષ પી દરજી
મો. ૯૪૨૮૯ ૧૦૫૫૫



મહેન્દ્ર પી મકવાણા
મો. ૯૦૯૯૦ ૬૦૪૧૧



પ્રફુલ્લા ભાવસાર
મો. ૯૯૨૪૨ ૧૩૫૨૪



યશ્વી એમ જોષી
મો.૯૯૦૯૩ ૯૩૯૭૨

## વીડિયો શેરિંગ વેબસાઈટ યૂટ્યૂબ બે કલાક બંધ રહી

ગાંધીનગર, તા. ૧૮

વીડિયો શેરિંગ વેબસાઈટ યૂટ્યુબ ભારતીય સમયાનુસાર બુધવારે સવારે ૬:૩૦ વાગ્યાથી ઠપ થઈ ગઈ હતી, જે થોડા કલાક બાદ ફરી શરૂ થઈ ગઈ હતી. વિશ્વભરના યૂઝર્સથી યૂટ્યુબમાં એરરની ફરિયાદ મળી હતી. ડેસ્કટોપ વર્ઝન પર વેબસાઈટ ટેમ્પલેટ જોવા મળી રહ્યું હતું પરંતુ વીડિયો પ્લે થતો ન હતો. વીડિયો પર ક્લિક કરતાં જ ઈન્ટરનલ સર્વર એરર જોવા મળતું હતું જેને પગલે વિશ્વભરના યૂઝર્સને ભારે તકલીફ પડી હતી. જો કે આ અંગેના સંજ્ઞાન લેતાં કંપનીએ આ ખરાબીને જલદીથી ઠીક કરવાની વાત કરી હતી અને થોડાં કલાક બાદ યૂટ્યુબ કામ કરવા લાગ્યું હતું. યૂટ્યુબની ખરાબી ઠીક કર્યા બાદ કંપનીએ ટ્વિટર પર કહ્યું, ઢઅમે પરત આવી ગયાં છીએ. તમારા લોકોના ધૈર્ય માટે ધન્યવાદ. જો તમને લોકોને નિયમિત કોઈ પરેશાની થાય છે તો અમને જરૂર જણાવજો.' બુધવારે સવારથી જ યૂટ્યુબ ખોલ્યાં બાદ તેના હોમપેજ પર એરરનો સંદેશો આવી રહ્યો હતો. યૂઝર્સ તેમાં કંઈ પણ સર્ચ કરે તો તેમાં એરર જ દેખાતી હતી.

### શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# વનવાસી વિસ્તારમાં અન્નદાન કરાયું





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા નવરાત્રી પર્વ નિમિત્તે વનવાસી વિસ્તારમાં ચોખા તથા મગદાળનું વિતરણ કરવામાં આવ્યું હતું. બિ કિગ્રી ચોખા તથા ૫૦૦ ગ્રામ મગદાળનાં પૅકેટ વૃધ્ધોને આપવામાં આવ્યાં હતાં. સુનોકમાં ૬૬ લાભાર્થીને આ પૅકેટ્સ આપવામાં આવ્યાં હતાં, ગડાદરમાં ૮ તથા ખારી મુકામે ૬૪ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. સમિતિ તરફથી મિલિન્દભાઈ, સુરેશભાઈ, મહર્ષિભાઈ, યોગેશભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## રાજ્ય ખેલ મહાકુંભમાં ગાંધીનગરનું ગૌરવ



ગાંધીનગર, તા. ૧૮

રાજ્યકક્ષાના ખેલ મહાકુંભ અંતર્ગત ટેક્વોનડો સ્પર્ધા નિકોલ ખાતે યોજવામાં આવી હતી. જેમાં અન્ડર-૧૪ વિભાગમાં બહેનો માટેની સ્પર્ધામાં ૩૭૮ અને અન્ડર-૧૭ વિભાગમાં ૩૪૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

અન્ડર-૧૪ સ્પર્ધામાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, ચાંદખેડા ખાતે ધોરણ-૪માં અભ્યાસ કરતી વ્યોમિકા એન પટેલ અને અન્ડર-૧૭ વિભાગમાં પૂના ઈન્ટરનેશનલ સ્કૂલ, ઝુંડાલ ખાતે ધોરણ-૧૧માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કાનલ આર ચોકસીએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને ગાંધીનગરનું નામ રોશન કર્યું હતું. કોચ રાજુભાઈ ચાવડા દ્વારા તેમને આ રમતની તાલીમ આપવામાં આવી હતી.

## ઈન્ફોસિટી ટાઉનશીપમાં નવરાત્રી પરાકાષ્ટાએ




ગાંધીનગરના આંગણે સ્થિત ઈન્ફોસિટી ટાઉનશીપમાં પરંપરાગત રંગમાં નવરાત્રીની ઉજવણી થઈ હતી, જે પરાકાષ્ટાએ પહોંચી ત્યારે આબાલવૃદ્ધ મન મૂકીને ગરબે ઘૂમતા જોવા મળ્યા હતા. ગીત-વાદ્યકારો પણ જાણે રંગમાં આવી ગયા હોય તેવો માલો સર્જાયો હતો.

# પત્રકારો દ્વારા કટારની સાથે કલમનું પૂજન



ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદ જીલ્લા મિડીયા કલબ આયોજન કાર્યક્રમમા પત્રકારો દ્વારા કટાર, કલમ, કેમેરા, લેપટોપ, અખબારોનુ પુજન અર્ચન કરવામાં આવ્યું

વિજયાદશમી શકિતની ઉપાસનાનો તહેવાર છે. શક્તિનો અર્થ છે - બળ, સામર્થ્ય અને પરાક્રમ. દરેક વ્યક્તિ પોતાની શક્તિનો ઉપયોગ જુદી જુદી રીતે કરે છે. દુર્જન વ્યક્તિ જ્ઞાનનો ઉપયોગ વ્યર્થ વિવાદ અને ચર્ચામાં કરે છે. ધનનો ઉપયોગ અહંકારના દેખાવમાં, બળનો ઉપયોગ બીજાને નુકશાન પહોંચાડવામાં કરે છે. તેનાથી વિપરિત સદાચારી વ્યક્તિ પોતાની શક્તિનો ઉપયોગ જ્ઞાન પ્રાપ્તિ, બીજાની સેવામાં અને પોતાના ધનનો ઉપયોગ સારા કામ કરવા માટે કરે છે. આ રીતે શક્તિ માણસમાં કર્મ, ઉત્સાહ અને ઉર્જાનો સંચાર કરે છે. વિજયાદશમીએ મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામનો રાવણ પર વિજય, સત્યનો અસત્ય પર ધર્મની અધર્મ પર અને ન્યાયની અન્યાય પર જીત છે. વિજયાદશમીના દિવસે વિરમગામ સહીત અમદાવાદ જીલ્લમા શસ્ત્ર પુજન કરવામાં આવ્યું હતું ત્યારે વિરમગામમા પત્રકારો દ્વારા કટારની સાથે કલમ રૂપી શસ્ત્રની પુજા કરવામાં આવી હતી. અમદાવાદ જીલ્લા મિડીયા કલબ આયોજન કાર્યક્રમમા પત્રકારો દ્વારા કટાર, કલમ, કેમેરા, લેપટોપ, અખબારોનુ પુજન અર્ચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ જીલ્લા મિડીયા કલબના પ્રમુખ પીયૂષ ગજ્જર, વરિષ્ઠ પત્રકાર નવીનચંદ્ર મહેતા, વંદના નીલકંઠ વાસુકિયા, વિરેશ પરમાર, જલારામ ભોજાણી સહીતના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પત્રકાર માટે કલમ એ શસ્ત્ર થી કમ નથી ! એટલે જ કહેવાયું છે કે બંદૂક કરતા કલમ ની તાકત વધુ હોય છે. સામાન્ય પ્રજા ભ્રષ્ટાચારરૂપી રાવણોના ત્રાસ થી દુ:ખી છે ! સામાન્ય માનવી માટે ન્યાય મેળવવો મુશ્કેલ બની ગયો છે. એટલે જ કળયુગમાં ઘણી વખત સત્ય પર અસત્ય નું વિજય થવાનાં ઉલ્ટા દાખલા પણ જોવા મળે છે. આવા સમયે પણ પત્રકારો દ્વારા કલમની તાકાતથી સત્યનો સાથ આપવામાં આવે છે.

# દશેરા નિમિત્તે ફાફડા-જલેબીનો માહોલ







ગુજરાતીઓ વિશે ઘણી સારી-ખોટી વાતો દુનિયામાં વહી રહી છે. એ પૈકીની એક વાત એ પણ છે કે ગુજરાતીઓનો કોઈપણ તહેવાર ખાવાની વાત વિના પતે નહીં. આ વાત સાચી છે કે ખોટી એ ચકાસ્યા વિના હાલ ચાલી રહેલા દશેરાના પર્વ સામે જોઈએ તો આપણે ત્યાં ફાફડા-જલેબી-ચોળાફળી ઉદ્યોગની જેમ બને છે ને વેચાય છે. દરેક પ્રસંગે ગુજરાતીઓ માટે ખાવાની વાત વધારે જરૂરી છે એના કરતાં ગુજરાતીઓ દરેક પ્રસંગને સંપૂર્ણ રીતે ઉજવી જાણે છે એ ઉક્તિ આ તસવીરો જોતાં સાચી લાગે છે.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ સાતમો મણકો ॥

તેણેય અનેકવાર ભૂલ કરી છે. પણ બીજા માણસ અને ગાંધીની વચ્ચે કોઈ ફર્ક હોય તો તે એ કે એણે એકની એક ભૂલ બીજીવાર કરેલી આપણને મળશે નહીં. આનું કારણ આ. આત્મનિરીક્ષણ ,પરિ. શોધન, ભૂલને મોટી ગણવી, પ્રગટ કરવી અને એ ભૂલને પ્રગટ કર્યા પછી હૃદયપૂર્વક અંતઃકરણપૂર્વક પરિતાપ કરવો, ખૂબ દુખનો અનુભવ કરવો. અને એ પરિતાપનું જ પરિણામ અનુતાપ. એટલે એનું પ્રાયશ્ચિત કરવું.



દસેક વર્ષની ઉંમર હશે કે કદાચ એનાથી ઓછી પણ હોય. પણ આજની ભાષામાં કહું તો પૂતળીબાઈએ પોતાના સૌથી નાના દીકરા મોહનદાસને બર્થ-ડે પાર્ટી ઉજવી. થયું કે વર્ષગાંઠ ઉજવવી ને કહ્યું કે તારા દોસ્તારોને બોલાવવા હોય તો બોલાવજે. તો બોલાવ્યા. અને બધા લોકોએ મળીને કંઈક ખાણી-પીણી કરી હશે. થોડા દાડા પછી આ રાજકોટનો પ્રસંગ હશે. એટલે સાત-૮-૯ વર્ષની ઉમંર હશે. રસ્તે જતા એક છોકરો મળ્યો જે એને બહુ જ દોસ્તાર. અને એ મળ્યો એટલે તરત જ ગાંધીને યાદ આવ્યું, અલ્યા મારી વર્ષગાંઠને દાડે આને તો હું બોલાવવાનું જ ભૂલી ગયો. આ તો મારો જીગરજાન દોસ્તાર ને એને મેં બોલવ્યો નહીં. આ કેવું થયું. આ નવ વર્ષનો ગાંધી હોં. તે વિચારે, આ ભૂલ થઈ, આખી સીઝન કેરીને અડ્યો નહીં. તે એને બહુ પ્રિય. પણ આખી સીઝન કેરીને અડ્યો નહીં. આ પરિતાપ અને એનું ફળ એટલે અનુતાપ, પ્રાયશ્ચિત. એણે તો મોટા મોટા પ્રાયશ્ચિતો કર્યા, તમારા ને મારા પાપને માટે પણ પ્રાયશ્ચિતો કર્યા. પણ એણે પોતે ભૂલી ગયો એ માટે આખું સીઝન કેરી ન ખાધી. એટલે એમ કહેતો'તો કે એકના એક પ્રકારની ભૂલ ફરીવાર નહોતી થતી. કારણ - એની પાછળ આ પેલા કલાપીએ કહ્યું ને - પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે. એ ઝરણાંમાં એણે સ્નાન બહુ નાનપણથી કર્યું હતું એટલે.

આ માણસની આપણે ચિત્તશુદ્ધિ અને સમાજક્રાંતિ બેયની કથાઓ આપણે સાંભળવી છે. પણ એની શરૂઆત મેં પોતાની જાતથી કરી. આ બધીય વાતની પાછી આ ગાંધીની એક રીત જ હતી. કંઈક અઘરું લાગે, કંઈક સાહસવાળું લાગે, કંઈક છોડવું પડે એવું હોય તો તેની શરૂઆત પ્રથમ પુરુષ એકવચન થી જ થાય. પોતાનાથી જ થાય. મને ઘણીવાર હું ભૂદાનમાં જાઉં ત્યારે આપણા ગુજરાતના ગામડાઓમાં લોકો કહેતાં, વિચાર બહુ સારો છે કરવું જોઈએ, તમે એમ કરો ને દસ જણના ભૂદાન લાવો, પછી હું સાથે કરીશ. જાણે દસ જણ આપવાના નથી, તો મારે શું કામ આપવું ? સારું કામ કોઈ બીજો કરે તો હું સાહસ કરું એમ માનીને આપણે લોકો ઘણીવાર સારા કામમાંથી બચતા હોઈએ છીએ. ગાંધી કહે છે સારા કામમાં બીજાને પૂછાય જ નહીં, તેની શરૂઆત તો આપણે જ કરી શકાય. અને સારું એટલે, કઠમ લાગતું હોય તેવું સારું. આકરું લાગતું હોય તેવું સારું. ભય ભરેલો હોય તેવું સારું, ત્યાગ કરવો પડે એવું સારું. એવા કામનો આરંભ પોતે કરવાનો.





ગાંધીયાત્રા

અને હવે આવી ભૂલ ફરી નહીં કરું એવો નિશ્ચય. એકવાર સંકલ્પ કર્યો પછી એ ભૂલ ફરી ન થાય. આ એક સાવ સાદી પ્રૉસેસ છે. પણ જરાક આપણે કરી જુઓ, અને એ જો આપણે શરૂ કરી જોઈએ ને ? તો પેલું વાઈબ્રેશન એ આપણામાં પહોંચે. ગાંધીના વાઈબ્રેશનને આપણે પહોંચાડવું હોય તો આમાંથી પહોંચે. આ પાઠ્યક્રમ એવો છે કે જે આપણે પોતાનાથી જ શરૂ કરવો પડે એવો છે. એ પુસ્તમકાંથી ન પ્મળે. આપમા હૈયામાં વાંચવાથી જ એ પાઠ્યક્રમ સમજાય.

આ એની પ્રક્રિયા હતી. સત્યના પથિકની યાત્રાનાં આ જુદાં જુદાં પગલાં હતાં.

કથાને પહેલે દિવસે કથાની વાત આપણે બહુ પછી કરીશું. પણ શરૂઆતને દિવસે એમની કેટલીક લાક્ષણિકતાઓને સમજી લઈએ કે જેથી આગળ ઉપર જે જે પ્રસંગો કહેવાના છે તેમાં આ લાક્ષણિકતાઓ કેવી લાગુ પડતી એનો વિચાર આપ સૌ કરી શકો. મૂળમાં શોધ એની સત્યની જ. અને સત્યને એ અખંડિત રૂપે જોતા. એને સત્ય ભાગલારૂપે દેખાતું નહીં. કારણ કે સત્યનો મૂળ અર્થ - સત્ એટલે અસ્તિત્વ. એમાંથી સત્યનો અર્થ છે. અને અસ્તિત્વ બધી જગ્યાએ વ્યાપ્ત. અંદર, બહાર, બ્રમાંડમાં બધે. એટલે એમાંથી એ બધે છેવટે સત્ એ ઈશ્વરનું નામ એની ઉપર એ પહોંચ્યા. સાચો વિચાર, સાચો ઉચ્ચાર, સાચું આચરણ, એવી સાદી વ્યાખ્યાથી શરૂ કરીને સત્ય જ ઈશ્વર છે એ સુધી જે પહોંચ્યા એની પાછળનું કારણ એ કે એમને સત્ય ભાગલામાં નહોતું દેખાતું. અખંડિત લાગતું તું. એટલે પછી ઘણીવાર ચર્ચા ચાલે. ગાંધી એ સંત હતા કે રાજકરાણી પુરુષ હતા. તો મને તો કોઈકવાર એમ થાય કે એક કમળના ફૂલની સોં પાંદડીઓ હોય તો એ એકેએકને પીંખીપીંખીને જોવી જોઈએ કે આમાં કયું કમળ ? (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ